# <u>જાહેરાત</u>

સંકલિત બાળ વિકાસ યોજના (ICDS) અંતર્ગત આઈ.સી.ડી.એસ શાખા, જિલ્લા પંચાયત છોટાઉદેપુર દ્વારા કાર્યરત ૧૫૪ જિલ્લાની આંગણવાડી કાર્યકર/તેડાગરની જગ્યાઓ અંગે ઓનલાઈન ભરતી માટેની જાહેરાત સને.૨૦૨૦/૨૧

આઈ.સી.ડી.એસ શાખા, જિલ્લા પંચાયત છોટાઉદેપુર હસ્તકના ઘટકોની આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી કાર્યકર/તેડાગરની માનદવેતનથી નિમણુક કરવાની થતી હાલની ખાલી જગ્યાઓ તથા સંભવિત ખાલી જગ્યાઓની વિગત

**(અરજી માટે વેબસાઈડ https://e-hrms.gujarat.gov.in)**

| તાલુકાની સંખ્યા | ઘટકની સંખ્યા | આંગણવાડી કાર્યકરની હાલની ખાલી જગ્યા/સંભવિત ખાલી જગ્યા | આંગણવાડી તેડાગરની હાલની ખાલી જગ્યા/સંભવિત ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૬ | ૧૦ | ૬૯ | ૮૫ |

- મહિલા ઉમેદવાર જે તે આંગણવાડી કેન્દ્ર વિસ્તારની સ્થાનિક રહેવાસી હોવી જોઈએ તથા તે અંગેની મામલતદારશ્રી દ્વારા ઈશ્યુ કરેલ જન સેવા કેન્દ્રનું નિયત નમુનાનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.
- અરજી કરવાની છેલ્લી તારીખને કટ-ઓફ ડેટ ગણવામાં આવશે. અરજી કરવાની છેલ્લી તારીખે અરજદારની ઉંમર,શૈક્ષણિક લાયકાત અને અન્ય નિયત લાયકાત માટેના માપદંડ પુર્ણ થયેલા હોવા જોઈએ.
- આંગણવાડી કાર્યકર/તેડાગરની માનદસેવામાં પસંદગી માટે અરજી કરનાર મહિલા અરજદારની ઉમર અરજી કરવાની છેલ્લી તારીખે ૧૮ વર્ષ પુર્ણ હોવી જોઈએ અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ. અગ્રતા ધોરણે આંગણવાડી કાર્યકર તરીકે માનદસેવામાં પસંદગી માટે અરજી કરી હોય એજ આંગણવાડી કેન્દ્રમાં ઓછામાં ઓછી ૧૦ વર્ષની સંતોષકારક સેવા કરેલ હોવી જોઈ અને તે અંગેનું સી.ડી.પી.ઓ.શ્રી નું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. તેડાગરની ઉંમર અરજીકરવાની છેલ્લી તારીખે ૪૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ.
- અરજી માટે વેબસાઈટ **https://e-hrms.gujarat.gov.in** ઉપર દર્શાવેલ સુચનાઓ અને નિયમો વાંચીને અંગ્રેજીમાં ફોર્મ ભરવાનું રહેશે. ઓનલાઈન અરજી જાહેરાત પ્રસિદ્ધ થયાથી દિન ૨૧ માં **તારીખ :-૨૪/૦૮/૨૦૨૦ થી તા:-૧૩/૦૯/૨૦૨૦ (રાત્રે ૧૨:૦૦ કલાક)** સુધીમાં કરવાની રહેશે.
- ઓનલાઈન અરજી ઉપરોક્ત દર્શાવેલ વેબસાઇટમાં આપેલ વિગતો પ્રમાણે કરી શકશે. આંગણવાડીની ખાલી જગ્યાઓમાં અરજી કરવા માટે જે તે આંગણવાડી કેન્દ્રને પસંદ કરી આંગણવાડી કાર્યકર/તેડાગર માટે અરજી કરવાની રહેશે.
- આંગણવાડી કાર્યકર/તેડાગરની માનદ સેવામાં પસંદગી માટે સામાન્ય શરતો મુજબની લાયકાત,ઉંમર અને શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોની ઓનલાઈન મેરીટ યાદી બનાવવામાં આવશે. આંગણવાડી કાર્યકર અને આંગણવાડી તેડાગરની શૈક્ષણિક લાયકાત અનુક્રમે ધોરણ ૧૨ પાસ અને ધોરણ ૧૦ પાસ છે. જો કે વધુ લાયકાત ધરાવતા ઉમેદવાર અરજી કરી શકશે. શૈક્ષણિક લાયકાત અને પ્રાપ્ત ગુણના ભારાંક અન્વયે મેરીટ યાદી તૈયાર થશે. ખાલી જગ્યા ભરવા માટે વિચારણા હેઠળના આંગણવાડી કેન્દ્રવાર ઓનલાઈન મેરીટ યાદી નિયત પદ્ધતિ અનુસરીને જાહેર કરવામાં આવશે.
- એક જ આંગણવાડી કેન્દ્રમાં આંગણવાડી કાર્યકર/તેડાગર એક જ કુટુંબના સભ્ય (સાસુ-વહુ, દેરાણી-જેઠાણી, બે બહેનો, નણંદ-ભાભી વગેરે) થશે તેવી પરિસ્થિતિ બનતી હોય તેવી વ્યક્તિ અરજી કરી શકશે નહીં.
- અરજદાર કોઈપણ સ્થાનિક સ્વરાજ/વિધાનસભા/લોકસભા અથવા કોઈપણ સહકારી સંસ્થા/રજિસ્ટર્ડ સોસાયટી/ રજિસ્ટર્ડ ટ્રસ્ટમાં માનદ સેવાનું અથવા ચુટાયેલ પદ ધરાવતા હોય. તેવી વ્યક્તિ અરજી કરી શકશે નહીં.
- જે કિસ્સામાં માર્કસશિટમાં ગ્રેડ/સ્કોર દર્શાવેલ હોય તે કિસ્સામાં યુનિવર્સિટી/કોલેજ પાસેથી જ ગણતરી થયેલ માર્ક્સનું પ્રમાણપત્ર/માર્કસશીટ ફરજિયાત અપલોડ કરવાની રહેશે.
- અરજદારે એકથી વધુ પ્રયત્ન કરી પરીક્ષા પાસ કરેલ હોય તેવા કિસ્સામાં અરજદારે તમામ પ્રયત્નની માર્કશીટ એક ફાઈલમાં સ્કેન કરી અપલોડ કરવાની રહેશે.
- અરજદાર અનામત વર્ગમાં આવતા હોય તો તે બાબતનું સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.
- અરજદાર વિધવા હોય તો તે બાબતનું સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.
- આ માટેની અરજી કરવાની પધ્ધતિ અને માર્ગદર્શિકા ઉપરોક્ત વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.
- વધુ માહિતી માટે છોટાઉદેપુર જિલ્લાના સંબંધિત તાલુકાનાં બાળ વિકાસ યોજના અધિકારી (ICDS), તાલુકા પંચાયત કચેરીનો સંપર્ક કરવો.
- જે અરજદારો ને ઓનલાઈન ફોર્મ ભરવામાં મુશ્કેલી આવતી હોય તેમને તમામ વિગતો અને ડોક્યુમેન્ટ સહિત ગામના VCE નો કે તાલુકા પંચાયત કચેરીનો કચેરીના ચાલુ સમય દરમ્યાન સંપર્ક કરવો.જેમના દ્વારા ૧૫ રૂપિયા ફી લઈને આપને ઓનલાઈન ફોર્મ ભરી આપવામાં આવશે.

જિલ્લા વિકાસ અધિકારી
જિલ્લા પંચાયત છોટાઉદેપુર

Scanned with CamScanner